**ફોજદારી કેસ.નં.-8294/2014**

## <u>આંક–૧ લગત હુકમ</u>

આ કામે કેસનું રેકર્ડ અને રોજકામ જોતા સદર કામમાં ફરીયાદી કે તેમના વિ.વકીલ શ્રી પણ ઘણા સમયથી હાજર રહેતા નથી. સદર કામ ફરિયાદી ગેરહાજર રહેતા હોઈ કોર્ટ ઘ્વારા આરોપીને સમન્સ કરતા વગર બજે પરત આવેલ છે. ફરિયાદીના વિ.વ.શ્રી હાજર નથી. કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી કે આરોપીનું નવું નામ સરનામું રજુ કરેલ નથી. રેકર્ડ જોતા આરોપી પણ ગેરહાજર રહે છે. ફરિયાદીને નામદાર ઉપલી કોર્ટ ઘ્વારા પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંત મુજબ કેસના પેપર ઓરીજીનલ રજુ કરેલ નથી.

આજ રોજ પણ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી નો વારંવાર પોકાર કરવા છતા,તેઓ હાજર નથી કે કોઈ ચોકકસ કારણ દર્શાવતો કોઈ રીપોર્ટ પણ રજૂ કરેલ નથી અને તે સંજોગો જોતા ફરીયાદીની સતત ગેરહાજરીના કારણે  કેસ ચાલતો ન હોઈ અને કેસ બીન જરૂરી લંબાયેલ છે. આમ,આ કામે ફરીયાદીને સદર કામ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેવુ જણાતું નથી.આથી ,ફોજદારી કાર્યસંહીતા,૧૯૭૩ ની કલમ ૨૫૬(૧) તથા તેની સાથે સંહીતાની કલમ–૨૦૪(૪) ની જોગવાઈઓ ઘ્યાને લેતા અને આ બાબતે નામ.ગુજરાત હાઈકોર્ટનો ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૬ નો ચુકાદો તથા નામ.સર્વોચ્ચ અદાલતનો ક્રિમીનલ અપીલ નં. ૭૫૫/૨૦૦૮ નો ચૂકાદો ઘ્યાને લેતા,જયારે ફરીયાદી પોતાની ફરીયાદી બાબતે સજાગ ન હોય અને સતત ગેરહાજર રહેતા હોય કે પુરાવો રજૂ કરતા ન હોય કે ફરીયાદીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં તેઓ સદંતર નિષ્ફળ નિવડેલ હોય કે ફરીયાદી કેસની આગળની કાર્યવાહી માટે જરૂરી પગલા લેતા ન હોય, ત્યારે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ ૨૫૬(૧) સાથે વાંચતા કલમ –૨૦૪ ની જોગવાઈ મુજબ અદાલત ફરીયાદ રદ કરી શકે છે.

હાથ ઉપરના કેસો માં પણ ઉપરોકત સીઘ્ધાંત લાગુ પાડી શકાય તેમ છે અને તેથી ઉપરોકત જોગવાઈ મુજબ ફરીયાદીની સદંતર ગેર હાજરીના કારણે કેસમાં આગળની કોઈ કાર્યવાહી ન કરવાના કારણે સદર ફરીયાદ રદ કરવા માટેના વ્યાજબી અને પુરતા કારણો જણાય આવતા હોય અને ફરીયાદીને હાલનો કેસ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેવું જણાતું ન હોય,સદર ફરીયાદને રદ કરતો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: : હુકમ ::–

ફરીયાદીની ફરીયાદ તેઓની સતત ગેરહાજરીના કારણે આગળની કાર્યવાહી કરવા માટે જરૂરી પગલા નહી ભરવાના કારણે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ: ૨૫૬(૧) ની સાથે કલમ:–૨૦૪(૪) ની જોગવાઈ વંચાણે લેતાં ફરીયાદ રદ કરવામાં આવે છે અને આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨ મી, માહે–માર્ચ, સને ૨૦૨૨ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં જાહેર કર્યો.

**તા. ૧૨–૦૩–૨૦૨૨**
સ્થળ: અમદાવાદ.

**(વિમલ પ્રદિપભાઈ આચાર્ય)**
પાંચમાં જયુડી. મેજી. ફ. ક.
અમદાવાદ (ગ્રામ્ય ) મીરઝાપુર
UIC No.GJ -01445